ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૪૫ ટકા

# શહેરમાં ૧૫૦થી વધુ સુહાગણો દ્વારા કરવા ચોથની પૂજા





ગાંધીનગર, તા.૨૭

'કરવા ચોથ' શબ્દ સાંભળતા જ હાથમાં પૂજાની થાળી અને ચારણી લઈને ચંદ્રના અજવાળામાં ઉભેલી સુહાગણનું દૃશ્ય નજર સામે તરવરે કારણ કે હિન્દી ફિલ્મોમાં અસંખ્યવાર આ દૃશ્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેના કારણે કરવા ચોતનું વ્રત ઉત્તર ભારતથી શરૂ થઈને ગુજરાત સહિત દેશના અન્ય ભાગોમાં પણ પ્રચલિત બનવા પામ્યું છે. ગાંધીનગરમાં પણ છેલ્લા કેટલાક વર્ષોથી સેકટર-૨-એ ખાતે ભૂમિબેન જોગાણી દ્વારા આ વ્રતની પૂજાનું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે શનિવારે કરવા ચોથના દિને યોજાયેલ પૂજામાં ૧૫૦થી વધુ પરિણિતાઓએ ભાગ લીધો હતો.

કરવા ચોથની પૂજા સેકટર-૨-એમાં પ્લોટ નં. ૭/૨ પાસેના બગીચામાં પરંપરાગત રીતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદના વિવિધ વિસ્તારો તથા કલોલ અને મહેસાણા સહિતના સ્થળોએથી સુહાગણ મહિલાઓ ઉમટી પડી હતી. આ પૂજામાં મહિલાઓએ સોળે શણગાર સજી ભાગ લીધો હતો અને વ્રતના ખાસ કરવટા ગીત સાથે વાર્તા સાંભળી વિધિવત પૂજા કરી હતી. પૂજાના અંતે મહિલાઓએ માતાજીનો જયકારો બોલાવ્યો હતો તથા પોતાના પતિના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમના અંતે તમામ મહિલાઓ તથા ઉપસ્થિત નાગરિકોએ મહાકાલી દાલનો પ્રસાદ તેમજ કરવા ચોથનું ખાસ પીણું ફેનિયાનો આનંદ માણ્યો હતો. ભૂમિબેન જોગાણી તથા સ્માર્ટ કીડ સંસ્થા તરફથી પૂજામાં ભાગ લેનાર મહિલાઓને શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી.

## @ગાંધીનગર

● સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭ ઈન્કવાયરી પાસે બગીચા ખાતે સવારે ૮.૩૦ થી ૯.૪૫ કલાક દરમિયાન બાળકોએ સ્વહસ્તે બનાવેલ ગબ્બર માટે આશ્વાસન પુરસ્કાર આપવામાં આવશે.

## આજે ટાઉનહોલમાં કર્મયોગ તત્વાર્થ જ્ઞાનયજ્ઞ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે તા.૨૮ ઓકટોબરને રવિવારના રોજ સવારે ૮ થી બપોરે ૧ કલાક દરમિયાન પૂજ્ય શ્રી આનંદમૂર્તિજી મહારાજ કર્મયોગ તત્વજ્ઞાન વિષય ઉપર વ્યાખ્યાન આપવાના છે. આ પ્રસંગે નગરની સૌ ધર્મપ્રેમી જનતાને વિનામુલ્યે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ ભોજન પ્રસાદનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમનું આયોજન સ્થાનિક મહાનુભાવોના સહયોગથી શ્રી રાજપૂત મિલ્કત ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

## ૨ન ફોર યુનિટીમાં જોડાવા નૈસર્ગિક સ્વાસ્થ મંડળનો અનુરોધ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના નૈસર્ગિક સ્વાસ્થ મંડળ દ્વારા આગામી તા.૩૧મી ઓખટોબરે સવારે ૬.૩૦ કલાકે 'સરદાર જયંતિ' નિમિત્તે યોજાનાર '૨ન ફોર યુનિટી' અંતર્ગત ઘ-૪ સર્કલ પાસેના સ્વર્ણિમ પાર્કમાં સ્થિત સરદાર પટેલની પ્રતિમા પાસે ઉપસ્થિત રહેવા સંસ્થાના સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે સભ્યોએ શકય હોય તો સફેદ ટી શર્ટ પહેરીને આવવા વિનંતી કરવામાં આવી છે. આ સાથે સંસ્થા દ્વારા શહેરના નાગરિકોને પણ આ કાર્યક્રમમાં જોડાવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પૃથા ફાઉન્ડેશન દ્વારા રંગોળી વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૨૭

ભારતીય પરંપરા અને સંસ્કૃતિમાં કોઈ પણ પર્વ હોય તેમાં રંગોળીનું વિશેષ મહત્વ રહેલું હોય છે. એમાં પણ ગુજરાતમાં દિવાળીનો પાવન તહેવાર હોય રંગોળી વિના અધુરો લાગે, રંગોળી આપણી સંસ્કૃતિ સાથે વણાઈ ગયેલી રંગબેરંગી વિવિધ આકૃતિઓ છે, જેનું સુશોભનમાં વિશેષ મહત્વ છે. દિવાળીના તહેવારમાં રંગોળીની સુંદર સુંદર આકૃતિને એકદમ સરળ આકર્ષક અને ઓછા સમયમાં કેવી રીતે બનાવવી તે માટે પૃથા ફાઉન્ડેશન દ્વારા રંગોળી વર્કશોપનું આયોજન આજરોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સેકટર-૬ ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. રંગોળી વર્કશોપમાં શહેરની ૪૦ થી વધુ બહેનો જોડાઈ હતી અને એક સે બઢકર એક રંગોળી બનાવી હતી. પૃથા ફાઉન્ડેશનના ટ્રસ્ટી અમિતા મહેતાએ જણાવ્યું હતું કે રંગોળી વર્કશોપનું આયોજન રંગોળી આર્ટીસ્ટ શ્વેતાકૃતિના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં રંગોળીની વિવિધ ડીઝાઈનો ઘરમાં હાજર રહેલી વસ્તુઓ જેમ કે ચા ગાળવાની ગરણી, બંગડી, ફુટપટ્ટી, ટુથપીઠ, દિવાસળીની સળીઓ, ઈયરબર્ડ, ફોર્ક, વાડકી, ડીશ, કાંસ્કો, સોપારી તેમજ દિવા અને વિવિધ રંગોના ઉપયોગથી સરળ અને સુંદર રંગોળી કેવી રીતે બનાવવી તેનું પ્રેકટીકલ ડેમોસ્ટ્રેશન કરીને સમજણ સાથે શીખવાડવામાં આવ્યું હતું. વર્કશોપમાં નાની બાળકી થી લઈને મોટી ઉમરના બહેનોએ પણ ઉત્સાહથી ભાગ લઈ શીખીને પોતે રંગોળી દોરવાનો પ્રયાસ કર્યો હતો. વર્કશોપમાં પૃથા ફાઉન્ડેશનના ચેરમેન પુનિતાબેન ત્રિપાઠી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દામિનીબેન લાખીયા તેમજ રેખાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## આજે સત્યાગ્રહ છાવણી ખાતે માનવ અધિકાર આંદોલન સમિતિ દ્વારા પ્રતિક ઉપવાસ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે તા.૨૮ ઓકટોબરને રવિવારના રોજ સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન માનવ અધિકાર આંદોલન સમિતિના સભ્યો દ્વારા ગરીબ ઝુંપડાધારકોના હક માટે પ્રતિક ઉપવાસનું આયોજન કર્યું છે. જેમાં માનવ અધિકાર આંદોલન સમિતિ દ્વારા શહેરના ઝુંપડાધારકોના અધિકારો માટે યોજાનારા આ કાર્યક્રમમાં જોડાવા આરડીએએમ, કોંગ્રેસ, બીએસપી, બીએમપી, આપ અને અન્ય તમામ વિપક્ષી પાર્ટીઓ તેમજ સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા અને અન્ય માનવતાવાદી સાથીઓને જોડાવા અપીલ કરવામાં છે. આવો, મળીને ગરીબ વિરોધી આ મુડીવાદી સરકાર પાસે જવાબ માંગીએ. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરમાંથી મોટી સંખ્યામાં ગરીબ ઝુંપડાધારકો એકત્ર થશે.

## બ્રહ્માકુમારી ખાતે સ્વાઈન ફલુના ઉકાળાનું વિનામુલ્યે વિતરણ



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સર્વોદયનગર હાઉસીંગ સોસાયટી પ્લોટ નં. ૨૮-બી ખાતે નવા શરુ થયેલા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સેવા કેન્દ્ર ખાતે સ્વાઈન ફલુ સામે રોગ પ્રતિકારક શકિતવર્ધક ઉકાળો રોજ સવારે ૭ થી ૮ કલાક દરમિયાન સૌને વિનામુલ્યે વિતરણ કરવામાં આવી રહ્યો છે.આ સ્વાઈન ફલુ ઉકાળા વિતરણનો લાભ સ્થાનિક રહીશો તેમજ સે-૩૦, સે-૨૧, સે-૨૦ના વસાહતીઓને લાભ લેવા બ્રહ્માકુમારી કૃપલબેને હાર્દિક ઈશ્વરીય આમંત્રણ પાઠવ્યું છે.

## દહેગામના ઝાંક ગામમાંથી ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે દહેગામ તાલુકાના ઝાંક ગામે દરોડો પાડી રામજી મંદિર પાછળ ઠાકોરવાસમાં ખુલ્લેઆમ વરલી-મટકાનો જુગાર રમાડી રહેલા શખ્સને દબોચી લીધો હતો. એલસીબીની ટીમે રૂ.૧૩૫૨૦ રોકડ અને બાઈક સહિત કુલ રૂ.૪૩,૫૨૦ ની કિંમતના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાને કડક સૂચનાથી જિલ્લામાં દારૂ-જુગારની બદીને નેસ્તનાબુદ કરવા જિલ્લા પોલીસ સક્રિય થઈ છે ત્યારે વિદેશી દારૂ અને દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડી પોલીસે શરૂ કરેલી તવાઈ બાદ હવે જુગાર અને વરલી મટકાના અડ્ડાઓ પર પોલીસે લાલ આંખ કરી છે. છાના છૂપા જુગાર અને વરલી-મટકાનો અડ્ડો



ખોલીને બેસી ગયેલા તત્વોની બાતમી મેળવી ને પોલીસે તેમના પર દરોડા પાડવાની કામગીરી શરૂ કરી દીધી છે. ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમ ગઈ કાલે દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ યજવેન્દ્રસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે દહેગામ તાલુકાના ઝાંક ગામે રામજી મંદિરની પાછળ આવેલા ઠાકોરવાસમાં ગોપાલ રમતુંઠાકોર નામનો શખ્સ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા ગોપાલ ઠાકોર ને રંગેહાથ દબોચી લીધો હતો. એલસીબીની ટીમે રોકડ તથા બાઈક અને મોબાઈલ મળી કુલ રૂ.૪૩,૫૨૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી તે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




દરેક વિદ્યાર્થીને પોતાના શાળા પ્રત્યે લગાવ બંધાયેલો જોવા મળે છે કારણ કે પોતાના અભ્યાસના અમુક વર્ષો તેણે શાળામાં વિતાવ્યા હોય છે. એજ રીતે શાળાના શિક્ષકોને પણ પોતે જે શાળામાં સેવા આપી હોય તેની સાથે લાગણીનો સંબંધ અચુક બંધાય છે. વિદ્યાર્થીએ તો જુજ વર્ષો શાળામાં વિતાવ્યા હોય છે જયારે ઘણા શિક્ષકો તો શાળા સાથે એટલા વર્ષોથી જોડાયેલા હોય છે કે શાળાની ઓળખનો ભાગ બની જાય છે. કડી સર્વ વિદ્યાલય સંકુલની એમ.બી. પટેલ કન્યા શાળામાં ૨૫ વર્ષ સુધી સેવા આપી અનેક વિદ્યાર્થીઓના જીવન ઘડતરનો ભાગ બનનાર શિક્ષિકા અલકાબેન પટેલ જયારે નિવૃત્ત થયા ત્યારે સૌની આંખો લાગણીસભર થવા પામી હતી. શાળાના આચાર્યા નીરુબેન પટેલે શાળા પરીવાર વતી અલકાબેનને સન્માનપત્ર આપી શાલ ઓઢાડી નિવૃત્ત જીવન માટે શુભકામના પાઠવી હતી.

## આજે ચેખલારણી દુધ મંડળીના નવિન મકાનનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના ચેખલારણી ગામમાં દુધ મંડળીના નવિન મકાનનું ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૮ ઓકટોબરને રવિવારના રોજ બપોરે ૧ કલાકે યોજાશે. જયારે ઉદ્‌ઘાટનના પૂર્વે દુધ મંડળીના મકાનમાં સવારે ૯ કલાકે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરાયું છે. સમારોહના પ્રમુખ તરીકે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મંગીબેન પટેલ, સમારોહના ઉદ્‌ઘાટક તરીકે મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા હાજર રહેશે. જયારે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને શહેરના ધારાસભ્ય ડો. સી.જે. ચાવડા ઉપસ્થિત રહેશે. જયારે દુધ મંડળીના નવિન મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે સૌ કોઈને હાજર રહેવા મંડળી દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સાર્થકસાગરજી મહારાજની ૮૩ દિવસના ઉપવાસના અંતે સમાધિ

**રવિવારે સવારે ૬.૩૦ કલાકે બોરિજ સાબરમતી નદીના પટમાં અંતિમ ક્રયા યોજાશે**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં દિગંબર જૈન મુનિ આચાર્ય સુનીલસાગરજી મહારાજ તથા તેમનો સંઘ ચાતુર્માસ અર્થે સે-૨૧માં દિગંબર જૈન દેરાસર ખાતે બિરાજમાન છે. આ ચાતુર્માસના પ્રારંભમાં જ આચાર્યના દર્શનાર્થે મુંબઈથી આવેલ વેપારી નાથુલાલ જૈનને ગાંધીનગરમાં રોકાણ દરમિયાન અજાણ્યો રોગ લાગુ પડતા શરીરના અંગે સડવાની બિમારી થઈ હતી અને તેમને મુંબઈમાં સારવાર અર્થે લઈ જવાયા હતા જયાં તેમની તબિયત અત્યંત લથડતા તબીબોએ લાઈફ સપોર્ટ સીસ્ટમ પર રાખવાની ફરજ પડી હતી. આ સ્થિતિમાં તેમને ફરી ગાંધીનગર લવાયા હતા જયાં તેમને આચાર્ય સુનિલ સાગરજી દ્વારા ક્ષુલ્લક દિક્ષા આપી તેમનું સાર્થકસાગરજી મહારાજ તરીકે નામકરણ કરાયું હતું. આ સાથે આચાર્ય દ્વારા તેમને સંથારો આપવામાં આવ્યો હતો.



આજે ૮૩ દિવસના સંથારાના ઉપવાસ પછી આચાર્ય સુનીલસાગરજી મહારાજના શિષ્ય સાર્થક સાગરજી મહારાજે સમાધિ લીધી છે. આવતીકાલે તા. ૨૮મી ઓકટોબર રવિવારે સવારે ૬.૩૦ કલાકે સે-૨૧ જૈન મંદિરથી શોભાયાત્રા નીકળશે અને સર્કિટહાઉસના પાછળના ભાગે બોરિજ ગામે સાબરમતી નદીના કિનારે તેમની અંતિમક્રિયા યોજાશે. આ અંતિમ ક્રિયામાં જોડાવા જૈન શ્રધ્ધાળુઓને ચાતુર્માસ સમિતિ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર શહેર રાજપૂત સમાજના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ રાજપૂત ભવન ખાતે તાજેતરમાં રાજપૂત સમાજ ગાંધીનગરની સામાન્ય બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૮-૨૦૨૦ માટે નવિન કારોબારી સમિતિની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે લાલસિંહ.કે.વાઘેલા, મહામંત્રી તરીકે હિતેન્દ્રસિંહ.સી.રાઓલ, ઉપપ્રમુખ તરીકે પ્રવિણસિંહ.એન.વાઘેલા, અને ભીખુસિંહ બી ચાવડા, ખજાનચી તરીકે પ્રેમલસિંહ પી ગોલ, સંગઠન મંત્રી તરીકે શંકરસિંહ એસ ગોહિલ, સહમંત્રી તરીકે ભાવસિંહ એસ વાઘેલા, અને જશવંતસિંહ.બી.ચાવડા, ઓડીટર તરીકે ભીખુસિંહ પી બિહોલા, જુજારસિંહ ચાવડા, કારોબારી સભ્ય તરીકે બાબુસિંહ જોધ્ધા, જીલુસિંહ.જી.વિહોલ, ગણપતસિંહ એમ વાઘેલા (મુખી), વિજયસિંહ એલ.ચાવડા અને જયરાજસિંહ કે.વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે.

# ૧૫ વર્ષથી નાસતો ફરતો જીપ ચોર આખરે ઝડપાયો

**એલસીબીની સાઈબર સેલે આરોપીને ભુજથી પકડી પાડયો**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની સાઈબર સેલે બાતમીના આધારે ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશનના જીપ ચોરીના કેસમાં છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને ભુજથી પકડી પાડયો છે. સાઈબર સેલની એક ટીમ સાઈબરને લગતા કેસોની તપાસ માટે નલિયા-ભુજ ગઈ હતી તે દરમિયાન પરત ફરતી વખતે બાતમી મળી હતી કે ગાંધીનગરનો આ નાસતો ફરતો વાહન ચોર ભુજમાં સંતાયેલો છે. જેના આધારે બાતમીવાળા સ્થળ પર જઈ ૧૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડયો હતો. આરોપીની ધરપકડ કરી પેથાપુર પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સાઈબર સેલ ની એક ટીમ નલિયા-ભુજ ખાતે સાઈબર કેસની તપાસ માટે ગઈ હતી. તે દરમ્યાન પરત ફરતી વખતે હેડ કોન્સ્ટેબલ કિરીટકુમારને માહિતી મળી હતી કે પેથાપુર પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૦૫ના વાહન ચોરીના



ગુનામાં નાસતો-ફરતો આરોપી બળવંત પીરાજી ઠાકોર (મૂળ રહે બેડા તા.ભાભર જિ.બનાસકાંઠા અને હાલ રહે ડગાડા, ભુજ) ભુજના ડગાડા ગામે હાજર છે. આ બાતમીના આધારે એલસીબીની સાઈબરની ટીમ બાપની વાળા સ્થળે પહોંચી ગઈ હતી અને ત્યાંથી નાસતા-ફરતા આરોપી બળવંત ઠાકોરને પકડી પાડ્યો હતો. આરોપીને એલસીબી કચેરીએ લાવીને પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે આજથી પંદરેક વર્ષ અગાઉ તેણે પોતાના કુટુંબી ભાઈ તથા બીજા બે માણસો સાથે મળીને રૂપાલ ગામેથી મહિન્દ્રા માર્શલ જીપ ની ચોરી કરી હતી અને ત્યારબાદ તેના સાગરીતો પકડાઈ ગયા હતા પરંતુ પોતે આજ દિન સુધી નાસતો ફરતો હતો. આરોપીની ધરપકડ કરી એલસીબીની ટીમે પેથાપુર પોલીસને સોંપવા કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન કાળીદાસ શ્રીમાળી, ઉ.વ. ૬૬
- સ્વ. મુલતાની કુલદીપ કૌર, ઉ.વ. ૭૫
- સ્વ. કડવીબેન જીવાજી ઠાકોર, ઉ.વ. ૭૦